# જંગલમાં સાક્ષરતા અભિયાન

– કપિલ સતાણી



મંગલપુર નામનું એક સુંદર અને ભવ્ય જંગલ હતું. જંગલમાં મંગલ નામનો સિંહ રાજા હતો. આથી મંગલપુરનાં પ્રાણીઓ તેને મંગલસિંહ કહીને બોલાવતાં હતાં. જંગલમાં મંગલસિંહનું આદરણીય સ્થાન હતું. મંગલસિંહના કહેવાથી બધાં પ્રાણીઓ ખૂબ જ સંપથી રહેતાં અને જરૂર પડ્યે બધાં એક થઈ મુસીબતોનો સામનો કરતાં. મંગલસિંહનું નેતૃત્વ મંગલપુર માટે ખૂબ જ અસરકારક હતું. મંગલસિંહે મંગલપુરમાં રસ્તા, પાણીની પરબ, વૃદ્ધ પ્રાણીઓ માટે વિસામો, વાંચવા માટે ગ્રંથાલય બધું જ બનાવ્યું હતું. મંગલપુરનાં પ્રાણીઓ મંગલસિંહના કામથી અને નેતૃત્વથી ખુશ હતા.

એક દિવસ મંગલસિંહ જંગલની મુલાકાતે નીકળ્યા. મંગલસિંહે ગ્રંથાલયની મુલાકાત લીધી. જોયું તો ત્રણ-ચાર પ્રાણીઓ જ ગ્રંથાલયમાં વર્તમાનપત્રો, સામયિકો વાંચતાં હતાં. આથી મંગલસિંહે ગ્રંથપાલ જિરાફભાઈને પૂછ્યું કે ‘આમ કેમ ?’ ત્યારે જિરાફભાઈએ કહ્યું કે ‘જંગલમાં

ત્રણ-ચાર પ્રાણીઓ સિવાય બીજા કોઈને પણ વાંચતાં-લખતાં આવડતું નથી.' જિરાફભાઈની આ વાત સાંભળી મંગલસિંહ રાજા હચમચી ગયા અને પ્રાણીઓની સભા બોલાવવાનું નક્કી કર્યું. મંગલપુરમાં ઢંઢેરો પીટાવી સભાસ્થળ અને સમયની જાહેરાત કરવામાં આવી. જંગલનાં પ્રાણીઓ વિચારવા લાગ્યા કે કંઈક નવું કરવાનું હશે એટલે જ મંગલસિંહે સભા બોલાવી હશે !

મંગલપુરના સભાખંડમાં બધાં જ પ્રાણીઓ સમયસર આવી પહોંચ્યાં. મંગલસિંહની સાથે સેનાપતિ વાઘભાઈ પણ સભાસ્થળે પહોંચી ગયા. મંગલસિંહે બધાં જ પ્રાણીઓ સમક્ષ ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે 'મંગલપુરમાં શિક્ષણનો અભાવ છે એ જાણીને મને ખૂબ જ દુ:ખ થયું. મંગલપુર સતત વિકાસના પંથે છે, પણ શિક્ષણનો અભાવ હોય તે કેમ ચાલે ? ત્રણ-ચાર પ્રાણીઓ સિવાય કોઈને વાંચતાં-લખતાં આવડતું નથી. આવી નિરક્ષરતા ચલાવી લેવામાં નહીં આવે અને જેને વાંચતાં-લખતાં ન શીખવું હોય તે મંગલપુર છોડીને ચાલ્યા જાય.'

મંગલસિંહના કડક પ્રવચન પછી સાક્ષરતા અભિયાન ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું. રાત્રિશાળા બે મહિના ચલાવવી એવું સભામાં ઠરાવવામાં આવ્યું. હરણ અને શિયાળે પ્રાણીઓને ભણાવવાની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી. હાથીભાઈને અભણ પ્રાણીઓને રાત્રિશાળામાં લાવવાની જવાબદારી સોંપવામાં આવી. સેનાપતિ વાઘભાઈ દેખરેખ રાખી રાજા મંગલસિંહને રોજેરોજનો અહેવાલ આપે એવું નક્કી થયું. આમ મંગલપુરમાં 'સાક્ષરતા અભિયાન'નો જબરદસ્ત માહોલ સાથે પ્રારંભ થયો.

હાથીભાઈ દરરોજ થાળી વગાડતાં વગાડતાં અભણ પ્રાણીઓને રાત્રિશાળામાં લઈ આવતા હતા. હરણભાઈ અને શિયાળભાઈએ બે મહિના સુધી 'સાક્ષરતા અભિયાન' ચલાવી અભણ પ્રાણીઓને ભણાવીને વાંચતાં-લખતાં શીખવાડી દીધું.

બે મહિના પછી મંગલસિંહે ગ્રંથાલયની મુલાકાત લીધી. તો આખું ગ્રંથાલય પ્રાણીઓથી ભરેલું હતું. કોઈ વર્તમાનપત્ર તો કોઈ સામયિક વાંચતાં જોવા મળ્યાં. આ ચિત્ર જોઈ મંગલસિંહ ખુશ થયા. મંગલસિંહે અને જંગલનાં બધાં પ્રાણીઓએ હરણભાઈ, શિયાળભાઈ અને હાથીભાઈનું સન્માન કર્યું. આમ આખું મંગલપુર સાક્ષર થયું અને મંગલપુરમાં ઉત્સવ જેવો માહોલ છવાઈ ગયો.